# ગલતેશ્વર પાસે નદીમાં ન્હાવા પડેલ છ યુવાનો ડુબ્યા

## તંત્રની બેદરકારી, ગેરકાયદેસર ખોદકામના પગલે સર્જાયેલી ઘટના






પ્રાંતિજ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લા પ્રાંતિજ તાલુકાના ગલતેશ્વર ખાતે આવેલ સાબરમતી નદીના પટમાં ન્હાવા પડેલ છ યુવાનો ડુબી જતાં છ યુવાનોના મોત નિપજ્યા હતા.

પ્રાંતિજ નજીક આવેલ ગલતેશ્વર ગામે આવેલ ગલતેશ્વર મહાદેવ ના મંદિર ખાતે પ્રાંતિજ ના રાસલોડ ગામના છ યુવાનો રક્શાબંધનના પવિત્ર તહેવારને લઈને દર્શન કરવા આવ્યા હતાં અને દર્શન બાદ મંદિર પાસેથી પ્રસાર થતી સાબરમતી નદીમાં ન્વાહા પડયા હતાં જેમાથી બે યુવાનો ડુબવા લાગતા બીજા ચારેય યુવાનો પણ બચાવવા જતાં ડુબી ગયા હતાં અને બુમાબુમ થતાં આજુબાજુ ના લોકો દોડી આવ્યા હતાં જયારે પ્રાંતિજ નગરપાલિકા ફાયર ફાયટર ટીમ તથા હિંમતનગર ડીઝાસ્ટર સ્ટાફને ફોન કરતાં તાત્કાલિક ધટના સ્થળે દોડી આવ્યા હતાં અને સ્થાનિક તૈરવયાની મદતથી એક પછી એક એમ છ એ યુવાનો ને બહાર કાઢવામાં આવ્યા હતાં અને ૧૦૮ મારફતે પ્રાંતિજ સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જયાં હાજર તબીબી દ્વારા છ એ યુવાનો ને મૃતક જાહેર કરાતાં રાસલોડ ગામ સહિત તાલુકામાં શોપો પડી ગયો હતો.

જયારે પ્રાંતિજ તથા તાલુકામાં આડેધડ લીઝ ધારકો દ્વારા ખોદકામ કરવામાં આવતાં અવનવા આવાં બનાવો બનતા રહે છે. ત્યારે ગલતેશ્વર ખાતે પણ મંદિર ના સ્ટ્રીટ ના જણાવ્યાં પ્રમાણે અગાઉ તંત્ર ને લીઝ અંહિ ધાર્મિક સ્થળ હોવાથી ના ફાળવવા લેખિતમાં જાણ કરી હતી પણ પૈસાની લ્હાયમાં તંત્ર ભુખ્યુ બની લીઝ ફાળવણી કરવામાં આવી છે જયારે પ્રાંતિજ ના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, સાંસદ દિપસિહ રાઠોડ પૂર્વમંત્રી જયસિંહ ચૌહાણ સહિત અગ્રણીઓ તથા પ્રાંતિજ મામલતદાર એ. એ. ડોડીયા, જિલ્લા ડી.વાય. એસ.પી. શ્રી વાસ્તવ સહિત પોલીસ સ્ટાફ દોડી આવ્યો હતો.




**પાલનપુર જીલ્લા જેલ ખાતે રક્ષાબંધનની ઉજવણી :** સ્નેહ ના પર્વ એવા રક્ષાબંધન ના તહેવાર ની ઉજવણી આજે દેશભર થઈ રહી છે ત્યારે જિલ્લા મથક પાલનપુરમાં સબજેલમાં પણ રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. કેદી ભાઈઓને રાખડી બાંધવા આવેલી બહેનોના આંખમાંથી આંસુ સરી પડ્યા હતા. આજે સવારથી જ રક્ષાબંધન તહેવારના દિવસે સબજેલના કેદીઓના પરિવારની મોટી ભીડ જામી હતી. આજના રક્ષાબંધનના દિવસે સબજેલમાં પારિવારિક વાતવરણનો ભાવ છલકાયો હતો. દૂર દૂરથી આવેલી બહેનોએ પોતાના વ્હાલા ભાઈને કુમ કુમ તિલક કરીને મીઠું મોઢું કરાવ્યા બાદ ભાઈના હાથ પર રાખડી બાંધતી વખતે બહેનની આંખમાં આંસુ આવી ગયા હતા.

## હિંમતનગરના જુના માર્કેટયાર્ડની દુકાનમાંથી ચોરી થતા ફરિયાદ

હિંમતનગર, તા.૧૮

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના જુના માર્કેટયાર્ડ ખાતે દુકાન ધરાવતા શૈલેષભાઈ ડાહ્યાભાઈ પટેલની દુકાનમાં રખાયેલ ટેબલના કાઉન્ટરમાંથી બુધવારે અજાણ્યો શખ્સ રૂા.૫ હજારની ચોરી કરી ભાગતા હતો ત્યારે તેનો પીછો કરતા તે પૈસા નાખીને ભાગી ગયો હતો. જે અંગે શૈલેષભાઈ પટેલે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.



પાલનપુર માં પવિત્ર શ્રાવણ માસના પૂનમના દિવસે રક્ષાબંધનના પવિત્ર દિવસે વૈદિક મંત્રોચાર સાથે ભુદેવો ની સામુહિક જનોઈ બદલવામાં આવી હતી. જિલ્લા મથક પાલનપુરમાં માનસરોવર રોડ પર આવેલ લક્ષ્મણ ટેકરી હોલ ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ તપોધન બ્રાહ્મણ યુવા સંગઠન દ્વારા રક્ષાબંધનના પવિત્ર દિવસે સામુહિક જનોઈ બદલવાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાસ્ત્રી બાલકૃષ્ણની ઉપસ્થિતિમાં ૧૦૦થી વધુ ભૂદેવો પિતામ્બર વસ્ત્રો ધારણ કરી પરંપરા મુજબ જનોઈ બદલી હતી આ પ્રસંગે ઉપેન્દ્રભાઈ એ જણાવ્યું હતું કે આજની યુવા પેઢી જનોઈનું મહત્વ સમજી અને જનોઈ ધારણ કરી દર વર્ષે વૈદિક પધ્ધતિથી જનોઈ બદલે તે હેતુથી દર વર્ષે આ કાર્યક્રમ રાખવામાં આવે છે

## પરબડાના ટ્રક માલિક સાથે રૂ.૫ લાખની છેતરપિંડી

હિંમતનગર, તા.૧૮

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના પરબડા વિસ્તારમાં રહેતા એક શખ્સની ટ્રકમાં નોકરી કરતા ડ્રાયવર અને અન્ય એક શખ્સે ટ્રક માલિક સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી રૂા.૫ લાખની ટ્રક લઈને ભાગી જતા બંને વિરૂધ્ધ બુધવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ પરબડામાં રહેતા યાસીનભાઈ અબ્દુલભાઈ મનસુરીની ટ્રક નં.જીજે. ૦૧. એયુ.૩૩૫૩માં હિંમતનગર તાલુકાના વિરપુર ખાતે આવેલ શ્રીનાથનગરમાં રહેતા લખનભાઈ ક્પટનભાઈ સિંહ ડ્રાયવર તરીકે નોકરી કરતા હતા. તેમણે હિંમતનગરના સલાટવાસમાં રહેતા લક્ષ્મીનારાયણ હરજીવનદાસ સરગરા સાથે ભળી જઈને ટ્રક માલિક યાસીનભાઈ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી રૂા.૫ લાખની ટ્રક લઈ ગત તા.૧૨ ઓગષ્ટના રોજ ભાગી ગયા હતા. જે અંગે તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા યાસીનભાઈ મનસુરીએ બંને વિરૂધ્ધ બુધવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## પાલનપુર ખાતે રોટરેક્ટ ક્લબ ઓફ પાલનપુર ડાયમંડ સીટી દ્વારા ઉજવાઈ અનોખી રક્ષાબંધન



ભાઈ બહેન ના પવિત્ર બંધનનો તહેવાર એટલે રક્ષાબંધન... આ દિવસે બહેન ભાઈને રાખડી બાંધી ભાઈના દીર્ઘાયુ માટે પ્રાર્થના કરતી હોય છે. જિલ્લા મથક પાલનપુરમાં રોટરેકટ ક્લબ ઓફ પાલનપુર ડાયમંડ સીટીની બહેનોએ અનોખી રીતે રક્ષાબંધનના પર્વની ઉજવણી કરી હતી. પાલનપુર શહેરમાં સતત ટ્રાફિકના સંચાલનની સેવામાં વ્યસ્ત રહેતા ટ્રાફિક જવાનોને રાખડી બાંધી રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી. પાલનપુર શહેરના એરોમા સર્કલ સહિત જુદા જુદા વિસ્તારના ટ્રાફિક પોઈન્ટ પર તહેવારના દિવસે ફરજ બજવતાં ટ્રાફિક જવાનો બહેનની રાખડીથી વંચિત ના રહે તે માટે આજ રોજ રોટરેકટ ક્લબ ઓફ ડાયમંડ સીટીની બહેનો એ ટ્રાફિક જવાનોને રાખડી બાંધી રક્ષાબંધનના તહેવારને ઉજવામાં આવ્યો હતો.

## મોડાસા વાંટડા ટોલનાકા નજીકથી ૧.૩૨ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

અરવલ્લી જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી નજીક આવેલી રતનપુર ચેકપોસ્ટ આંતર રાજ્ય સરહદ પરથી ગુજરાત રાજ્યમાં દારૂબંધીનો ફાયદો ઉઠાવવા અને રૂપિયા રળી લેવા પરપ્રાંતિય બુટલેગરો અને રાજ્યના બુટલેગરો વિદેશી દારૂનો ગેરકાયદેસર જથ્થો ઘુસાડવા સતત પ્રયત્નશીલ રહી ગુજરાત રાજ્યમાં કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ઘુસાડી યુવાધન અને પ્રજાજનોને બરબાદીના મુખમાં ધકેલી રહ્યા છે. મોડાસા રૂરલ પોલીસે બુધવારે સાંજના ૬ વાગ્યાના સુમારે રાજસ્થાન તરફથી આવતી ઈરટીગા કારમાંથી ૧.૩૨ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડી એક શખ્સની ધરપકડ કરી જેલના સળીયા પાછળ ધકેલી દઈ અન્ય એક શખ્સને ઝડપી પાડવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં. ૮ પર આવેલા મોડાસા તાલુકાના વાંટડા ગામ નજીક આવેલા ટોલનાકા નજીકથી બુધવારે સાંજના ૬ વાગ્યાના સુમારે ૧.૩૨ લાખનો વિદેશી દારૂ ઈરટીગા કારમાંથી ઝડપી પાડી એક બુટલેગરને જેલના સળીયા પાછળ ધકેલી દેતા બુટેલગરોમાં ફફડાટ ફેલાયો હતો. મોડાસા રૂરલ પોલીસે બુધવારે વાંટડા ટોલનાકા નજીક પેટ્રોલીંગમાં હતી ત્યારે સાંજના ૬ વાગ્યાના સુમારે રાજસ્થાન તરફથી આવતી શંકાસ્પદ ઈરટીગા કાર (નં. જીજે૧.આરજે.૭૭૨૯)ને અટકાવી તલાશી લેતા કારમાંથી ગેરકાયદેસર વગર પાસપરમીટનો વિદેશી દારૂની રોયલ ગોલ્ડ ક્લાસીક વ્હીસ્કી ફોર સલાઈન ઓન્લી હરિયાણા ૭૫૦ એમ.એલ. લેબલવાળી બોટલો ભરેલ પેટીઓ નંગ ૧૧ તથા છુટ્ટી બોટલ નંગ ૬૦ કિંમત રૂ. ૭૬૮૦૦ તથા રોયલ સ્ટેંગ લેબલવાળી કાચની ૭૫૦ એમ.એલ.ની સીલબંધ પેટીઓ નંગ ૮ કિંમત રૂ. ૩૮૪૦૦ તથા હાવર્ડ સ્ટ્રોંગ બિયર ૫૦૦ એમ.એલ. લેબલવાળી પેટીઓ નંગ ૭ કિંમત રૂ. ૧૬,૮૦૦ મળી કુલ બોટલ-ટીન નંગ ૪૫૬ કિંમત રૂ. ૧૩૨૦૦૦ તથા મોબાઈલ નંગ-૧૧૦૦૦ કિંમત તેમજ મારૂતિ ઈરટીગા કારની કિંમત રૂ. ૫ લાખ મળી કુલ ૬,૩૩૦૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી કારમાંથી ગણપત છગન રેગર, રાજસ્થાન હાલ રહે. નવાવાડઝ (અમદાવાદ) બકાભાઈ ભરવાડના મકાનમાંને દબોચી લઈ તેમજ અન્ય શખ્સ અજાણ્યો મોબાઈલ નં. ૯૯૯૮૬૫૧૪૦૪ સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ગણપત નામના બુટલેગરને જેલના સળીયા પાછળ ધકેલી દઈ અન્ય અજાણ્ય શખ્સને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



**ડીસામાં ત્રિરંગાયાત્રાનું ઠેર-ઠેર સ્વાગત :** ડીસા શહેરમાં યોજાયેલી ત્રિરંગા યાત્રાનું ઠેર-ઠેર સ્વાગત કરાયું હતું. આ યાત્રામાં કેન્દ્રિય ગૃહરાજ્યમંત્રી હરીભાઈ ચૌધરી, ગુજરાત હાઉસિંગ બોર્ડના ડિરેકટર શશીકાંત પંડ્યા, ડીસા શહેર ભાજપ પ્રમુખ સંજય બ્રહ્મભટ્ટ, ભારતસિંહ ભટેસરિયા, રમેશ દેલવાડીયા, મગનલાલ માળી, ચેતન ત્રિવેદી વગેરે આગેવાનો જોડાયા હતા. મીરા મહોલ્લા, રાજપુર, લોધવાસ વગેરેમાં આ યાત્રા ફરી હતી. જ્યા વસ્તા મુસ્લિમ સમાજના અગ્રણીઓ ગનીભાઈ ઠેકેદાર, તારીકભાઈ સોલંકી, મોહમદ સલીમ, લોધા સમાજના અગ્રણીઓ રમેશભાઈ લોધા સહિત અગ્રણીઓ દ્વારા ત્રિરંગાયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ યાત્રા શહેરના વિવિધ રસ્તાઓમાં ફરી હતી.

## ઈડરમાંથી બાઈક ચોરાયું

સાબરકાંઠા જીલ્લાના ઈડરમાં આવેલ સાબરકાંઠા બેંકની શાખા આગળ પાર્ક કરેલ બાઈક નં.જીજે.૦૯.સીડી. ૨૬૦૫ ની અજાણ્યા શખ્સો ગુરૂવારે રૂા. ૨૫ હજારની કિંમતના બાઈકની ચોરી કરી ભાગી ગયા હતા. જે અંગે તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા હિંમતનગર તાલુકાના વકતાપુર ગામના મનોજકુમાર કેશવલાલ પટેલે અજાણ્યા શખ્સ વિરૂધ્ધ શુક્રવારે ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## હિંમતનગરના ગાયત્રી આશ્રમ અને ભોલેશ્વર મહાદેવમાં રક્ષાબંધન પર્વ ઉજવાયું

હિંમતનગર, તા.૧૮

સાબરકાંઠા જીલ્લાના રક્ષાબંધન પર્વ નિમિત્તે ગુરૂવારે હિંમતનગરના ભોલેશ્વર મહાદેવમાં તથા ખેડતસીયા રોડ પર આવેલ ગાયત્રી આશ્રમમાં યજ્ઞોપવિત પરિવર્તન સંસ્કાર સહિતના અન્ય કાર્યક્રમોનું આયોજન કરાયુ હતું.

હિંમતનગરના ભોલેશ્વર મહાદેવમાં ચોવીસી ત્રિવેદી મેવાડા બ્રહ્મ સમાજ હિંમતનગર એકમ દ્વારા સમુહ ભોજન, વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ તથા જનોઈ બદલવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ઉદ્યોગપતિ સંજયભાઈ ભટ્ટ, પાલિકાના કારોબારી ચેરમેન વિમલભાઈ ઉપાધ્યાયએ જ્ઞાતિજનોને સંગઠિત બની દેશના સામાજિક અને આર્થિક વિકાસ માટે જાગૃત રહેવા અનુરોધ કર્યો હતો. તેમજ વિમલભાઈ ઉપાધ્યાયના હસ્તે તેજસ્વી તારલાઓને ઈનામ આપવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં બાબુભાઈ ઠાકર, નરહરિપ્રસાદ ઠાકર, જગદીશભાઈ પંડયા, અમૃતભાઈ ઉપાધ્યાય, જયેશભાઈ પંડયા સહિત અન્ય જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત ગાયત્રી આશ્રમમાં પણ ૪૫૦થી વધુ બ્રાહ્મણોએ યજ્ઞોપવિત સંસ્કારમાં ભાગ લીધો હતો. જે પ્રસંગે કનુભાઈ સુથાર, ભોગીલાલ પ્રજાપતિ, લતાબેન નિનામા તથા અંકિતાબેને મંત્રોચ્ચાર કર્યા હતા.




## અરવલ્લી જિલ્લામાં રક્ષાબંધન શ્રદ્ધાભેર ઉજવાઈ

અરવલ્લી જિલ્લામાં ભાઈ બહેનના પ્રેમ પ્રતિક સમા એવા રક્ષાબંધન તહેવારની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. બહેનોએ શુભ મુહૂર્તમાં પોતાના લાડકવાયા ભાઈઓના હાથે રાખડી બાંધી તેમની સુખ સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. રક્ષાબંધનના તહેવારને લઈ વહેલી સવારથી જ લોકોમાં આનંદ ઉલ્લાસ જોવા મળ્યો હતો. પોતાના ભાઈઓ માટે બેહનોએ બજારમાં મળતી વિવિધ પ્રકારની રાખડીઓ ખરીદી હતી. બાળકો માટે બજારમાં આવેલી લાઈટવાળી રાખડીઓ ખુબજ આકર્ષણનું કેન્દ્ર બની હતી. શુભ મુહૂર્ત માં બહેનોએ ભાઈના કપાળમાં કુમકુમ તિલક કરી મોં મીઠુ કરાવી રાખડી બાંધી હતી. જ્યારે ભુદેવોએ આજે જનોઈ ધારણ કરી હતી. શ્રાવણ સુદ પુનમ એટલે કે રક્ષાબંધનના પવિત્ર દિવસે ભુદેવો શુભ મુહૂર્તમાં જનોઈ બદલે છે. ભુદેવો દ્વારા શાસ્ત્રોક્ત વિધિ કરીને નવી જનોઈ ધારણ કરવામાં આવી હતી.